
## વડીલોને વંદન અભિનંદન



ભાનુપ્રસાદ એચ.પુરાણી
(૧૯૩૯)મો.૯૯૦૪૨૫૬૧૧૪



બાબુભાઈ અજમલભાઈ નાયી
(૧૯૬૨)મો.૯૭૧૪૫૨૫૪૫૫



નીરૂ એમ. પરમાર
(૧૯૪૭) ફોન.૨૩૨૨૮૦૮૯

# એશીયાની નં. ૧ બનાસડેરીની ૪૫મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## બનાસ ડેરીએ ૩૫.૪૬ લાખ લિટર દૂધ સંપાદન કરી મહાસિદ્ધિ મેળવી છે : પરથીભાઈ ભટોળ

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાને એશિયાની ફલક પર મુકનાર એશિયાની સૌથી મોટી ગૌરવવંતી બનાસડેરીની ૪૫મી વાર્ષિક સાધારણ સભા ગત તા. ૨૯-૬-૨૦૧૩ના રોજ ગલબાભાઈ ડેરી સહકારી તાલીમ કેન્દ્રના પ્રાંગણમાં બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ સભામાં જિલ્લાની ૧૨૪૦ જેટલી દૂધ મંડળીઓના પ્રતિનિધિઓ અને અન્ય શ્રોતાઓ મળીને આશરે ૩૫૦૦ જેટલા વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસડેરીના એસ.એસ. વિભાગના માનજીભાઈ ધુળીયાએ વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરી હતી. સભાના અધ્યક્ષ અને બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે સર્વેનું સ્વાગત કરતા જણાવેલ કે બનાસડેરીએ વિપુલ માત્રામાં દૂધ ઉત્પાદન કરી એક જ દિવસમાં સૌથી વધુ તા. ૨૯-૧-૧૩ના રોજ ૩૫.૪૬ લાખ લિટર સંપાદન કરી મહાસિદ્ધિ પ્રાપ્ત કરી છે. જે ગત વર્ષની સરખામણીમાં ૨૧.૫ ટકા જેટલો વધારો કર્યો છે. તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. તદ ઉપરાંત વિશેષમાં તેમણે જણાવેલ કે ૨૦૧૨-૧૩ના વર્ષ દરમ્યાન બનાસડેરીએ તેમના દૂધ સભાસદોને દૂધના સરેરાશ ભાવ રૂ. ૫૦૫ પ્રતિ કિલો ફેટ મુજબ ચુકવેલ છે. આપણી ડેરીએ દૂધ અને દૂધની પેદાશોનો વેપાર રૂ. ૩૫૫૦ કરોડ કરેલ છે. ગત વર્ષ કરતાં ૨૨ ટકા જેટલો વધુ છે. ડેરીની વહિવટી કુશળતાથી દૂધ અને દૂધની પેદાશોના કુલ વેપારની ૮૭ ટકા રકમ દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડેલ છે. ભવિષ્યના આયોજન વિશે ચિતાર આપતા જણાવેલ કે દૂધના વધતા જતા સંપાદનને પહોંચી વળવા માટે એન.સી.આર. ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં નવા ડેરી પ્લાન્ટ બનાવવાનું આયોજન છે. આ ઉપરાંત ઉંડાણપૂર્વક છણાવટ કરી હતી. અને મહત્તમ લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર સંજય કરમચંદાનીએ સભાસદોનીના પડકારોને પહોંચી વળવા માટે સંસ્થાનું નિયામક મંડળ અને કર્મચારી હંમેશા તત્પર રહેશે તેવો સંદેશો આપ્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)




બનાસકાંઠા, તા.૩૦

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકા ખાતે આવેલ ભારતનું બીજા નંબરનું તીર્થધામ અંબાજી નજીક ગબ્બર મંદિરમાં અંબાજી પોલીસના કર્મીઓ ફરજ બજાવે છે અને યાત્રિકો દ્વારા થતી ચર્ચાઓમાં પણ જાણવા મળે છે કે પોલીસ કર્મી સરકારી ફરજ બજાવે છે. કોઈક યાત્રિક દર્શન કર્યા બાદ પોલીસને દક્ષિણા પણ આપતા હતા પણ આ દક્ષિણા પ્રથા હવે બંધ થઈ ગઈ છે. જયારે આ પ્રથા રૂપે દક્ષિણા લેનાર પોલીસ કર્મી ફરજ દરમિયાન ઉંઘ લઈ રહેલા દેખાય છે. જયારે અંબાજી મંદિર આતંકવાદીઓના હીટ લીસ્ટમાં હોવાના કારણે ભારે સુરક્ષાનો બંદોબસ્ત કરાયો છે. જયારે આવા ફરજનું ભાન ભૂલેલા પોલીસ કર્મીઓ ફરજ દરમિયાન દક્ષિણા સ્વીકારી આરામ કરી રહેલા છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા આ ઘટનાને ગંભીરતાથી લઈને ફરજનું ભાન કરાવે તેવી સામાન્ય પ્રજાજનોની માંગ છે.

# બનાસકાંઠાના પૂર્વ સાંસદ સ્વ. હરિસિંહ ચાવડાને લોકનિકેતન રતનપુર ખાતે સમાધી આપવામાં આવી

બનાસકાંઠા, તા.૩૦

બનાસકાંઠામાં લોક સેવા થકી તમામ સમાજોમાં લોકપ્રિય બનેલા ગાંધી વિચારોના પ્રેરક ગાંધીવાદી અને જિલ્લાના પૂર્વ મંત્રી લોક નિકેતન સંસ્થાના સ્થાપક હરિસિંહ પ્રતાપસિંહ ચાવડાનું ગત રોજ ૮૩ વર્ષની જૈફ વયે નિધન થતાં તેમને રાજકીય સન્માન સાથે તેમની ઈચ્છા મુજબ અગ્નિ દાહ ન આપી લોક નિકેતન સંસ્થાના પ્રાંગણમાં સમાધી આપવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીવાદી શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ ભાજપ-કોંગ્રેસના રાજકીય અગ્રણીઓ હાજર રહ્યા હતા અને તેમની હાજરીમાં રાજકીય સન્માન સાથે સમાધી આપવામાં આવી હતી.

બનાસકાંઠાના પૂર્વ સાંસદ અને લોક નિકેતન સંસ્થાના સ્થાપક હરિસિંહ ચાવડાના ગતરોજ થયેલા નિધન બાદ લોક નિકેતન રતનપુર ખાતે તેમના પાર્થિવદેહને બે કલાક સુધી લોક દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો અને ત્યારબાદ સંસ્થાના વિશાળ પ્રાંગણમાં તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી સંસ્થાના



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વિદ્યાર્થીઓ દ્વારા તેમને સલામી આપવામાં આવી હતી તેમજ રાજકીય સન્માન સાથે તેમની અંતિમ ઈચ્છા મુજબ તેમના દેહનો અગ્નિદાહ ન આપતા સંસ્થાના પ્રાંગણમાં જ સમાધિ બનાવી દફનવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના શંકરસિંહ વાઘેલા, મંત્રી પરબતભાઈ પટેલ, પાટણ સાંસદ જગદીશ ઠાકોર, બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરી, બનાસબેંકના ચેરમેન પરથીભાઈ ભટોળ, પૂર્વ દાંતાના ધારાસભ્ય વસંતભાઈ ભટોળ, પ્રદેશ મંત્રી લક્ષ્મીબેન કહેણ, વાસીનભાઈ બંગલાવાળા, રાજુભાઈ જોષી તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ સાથે ભાજપ અને કોંગ્રેસના અનેક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# દહેગામના નકલી નોટ પ્રકરણ તપાસ અર્થે પં. બંગાળ ગયેલ ટીમ એસ.ઓ.જી. પરત ફરશે

## આરોપીના જણાવ્યા મુજબ કોઈ પગેરૂ ન મળતા આરોપીને લઈ ટીમ આજે ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૩૦

દહેગામના નકલી ચલણી નોટ પ્રકરણમાં તપાસ કરી રહેલ એસ.ઓ.જી. પોલીસ સમગ્ર પ્રકરણનો પર્દાફાશ કરવા અને ગુનાના મૂળ સુધી પહોંચવા આરોપીને લઈ પાંચ દિવસ પહેલા તપાસ અર્થે ગાંધીનગરથી પશ્ચિમ બંગાળ જવા એસ.ઓ.જી.ની ટીમ રવાના થઈ હતી. જે ટીમને તપાસમાં કંઈ પણ હાથ ન લાગતા આ ટીમ આવતીકાલે ગાંધીનગર પરત આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર એક અઠવાડીયા પહેલા દહેગામ શહેરની એક કરિયાણાની દુકાન પર એક બંગાળી યુવાને રૂ. ૧૦૦૦ના દરની ૭ નકલી નોટો લઈ આવ્યો હતો અને તે પૈકીની એક નકલી નોટનો ઉપયોગ કરવા જતો હતો અને વેપારીના હાથે પકડાઈ ગયો હતો. બાદમાં આ દહેગામ પોલીસ તેની ધરપકડ કરી હતી અને આ સમગ્ર મામલો એસ.ઓ.જી.ને સુપ્રત કર્યો હતો. એસ.ઓ.જી. ટીમે આરોપી કુરબાન શેખની પુછપરછ કરતા તેઓ આ નકલી નોટ પશ્ચિમ બંગાળના એક દૂધ વેપારી પાસેથી લાવ્યો છું તેમ જણાવ્યું હતું. આથી એસ.ઓ.જી.ની ટીમ પાંચ દિવસ પહેલા આ પ્રકરણનો પર્દાફાશ કરવા અને ગુનાના મૂળ સુધી પહોંચવા ગાંધીનગરથી ટીમ પશ્ચિમ બંગાળ જવા રવાના થઈ હતી. આરોપીના કહ્યા મુજબ નોલીનગર પશ્ચિમ બંગાળમાં સુનીલ ઘોષની તપાસ કરી હતી પરંતુ આ નામની કોઈ વ્યક્તિ ન હોવાની માહિતી મળી હતી. પરિણામે એસ.ઓ.જી.ની ટીમ આરોપીને લઈ આવતીકાલે ગાંધીનગર પરત આવશે તેમ જાણવા મળ્યું હતું.

# ભાજપ જિલ્લા પ્રભારી / પ્રમુખ નિમાયા


ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુની સુચના બાદ વિવિધ જિલ્લાઓના પ્રભારીની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત બાકી રહેલા છ જિલ્લાના પ્રમુખની જાહેરાત પણ આજે કરવામાં આવી હતી. તાપી જિલ્લાના પ્રમુખ તરીકે કાંતિભાઈ ગામીતની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ જિલ્લાઓના પ્રભારીની વાત કરવામાં આવે તો ડાંગના પ્રભારી તરીકે કરસનભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. આજે ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ જણાવ્યું હતું કે, બાકી જિલ્લાના પ્રમુખ તરીકેની જાહેરાત પણ આજે કરાઈ હતી.

| ક્રમ | જીલ્લા- મહાનગરનુંનામ | જીલ્લા મહાનગરના પ્રભારીનું નામ |
|---|---|---|
| ૧ | ડાંગ | કરસનભાઈ પટેલ |
| ૨ | વલસાડ | વિવેકભાઈ પટેલ |
| ૩ | નવસારી | વર્ષાબેન રાણા, બાબુ જીરાવાલા |
| ૪ | સુરત શહેર | મંગુભાઈ પટેલ |
| ૫ | સુરત જિલ્લા | સી આર પાટીલ |
| ૬ | તાપી | દિનેશભાઈ દાસા |
| ૭ | ભરુચ | અજયભાઈ ચોક્સી |
| ૮ | નર્મદા | મેહુલભાઈ ઝવેરી |
| ૯ | વડોદરા શહેર | કૌશિકભાઈ પટેલ |
| ૧૦ | વડોદરા જિલ્લા | જયદ્રથસિંહ પરમાર |
| ૧૧ | પંચમહાલ | શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ |
| ૧૨ | દાહોદ | અમિતભાઈ ઠાકર |
| ૧૩ | આણંદ | નયનાબેન પટેલ, અમિત શાહ (પૂર્વ મેયર) |
| ૧૪ | ખેડા | જયસિંહ ચૌહાણ |
| ૧૫ | કર્ણાવતી | આઈ કે જાડેજા |
| ૧૬ | અમદાવાદ જિલ્લા | શંકરભાઈ વેગડ, પ્રફુલભાઈ પટેલ |
| ૧૭ | ગાંધીનગર શહેર | રમીલાબેન બારા, કેસી પટેલ |
| ૧૮ | ગાંધીનગર જિલ્લા | કેસી પટેલ |
| ૧૯ | સાબરકાંઠા | અશોકભાઈ ભાવસાર |
| ૨૦ | મહેસાણા | કાનાજી ઠાકોર |
| ૨૧ | પાટણ | અરજણભાઈ રબારી |
| ૨૨ | બનાસકાંઠા | દુષ્યંતભાઈ પંડ્યા |
| ૨૩ | કચ્છ | મોહનભાઈ કુંડારીયા |
| ૨૪ | જામનગર શહેર | ધનસુખભાઈ ભંડેરી |
| ૨૫ | જામનગર જિલ્લા | ધનસુખભાઈ ભંડેરી |
| ૨૬ | રાજકોટ શહેર | જીતુભાઈ વાઘાણી |
| ૨૭ | રાજકોટ જિલ્લા | જીતુભાઈ વાઘાણી |
| ૨૮ | જુનાગઢ શહેર | મનસુખભાઈ માંડવીયા |
| ૨૯ | જુનાગઢ જિલ્લા | મનસુખભાઈ માંડવીયા |
| ૩૦ | પોરબંદર | ભરતભાઈ ગાજીપરા |
| ૩૧ | અમરેલી | નીતીન ભારદ્વાજ, જીતુભાઈ હિરપરા |
| ૩૨ | ભાવનગર શહેર | સંધ્યાબેન વ્યાસ, જગદીશ પટેલ |
| ૩૩ | ભાવનગર જિલ્લા | શંભુપ્રસાદ ટુંડીયા, જગદીશ પટેલ |
| ૩૪ | સુરેન્દ્રનગર | માધાભાઈ બોરીયા, ઝવેરભાઈ ઠકરાર |

### ૬ જિલ્લા/મહાનગરના પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | તાપી | કાંતિભાઈ ગામીત |
| ૨ | વડોદરા જિલ્લો | સતીષભાઈ પટેલ |
| ૩ | દાહોદ | સુધિરભાઈ લાલપુરવાળા |
| ૪ | ગાંધીનગર શહેર | નીતીનભાઈ પટેલ |
| ૫ | સાબરકાંઠા | પૃથ્વીરાજભાઈ પટેલ |
| ૬ | અમરેલી | મનસુખભાઈ સુખડીયા |

## શબ્દાવલી - ૫૧૦૫



### આડી ચાવી

૧. એક પક્ષી પણ નામમાં મૃગ આવે (૪)
૪. કુદકો (૩)
૭. તોફાન (૩)
૮. મકાન, રહેઠાણ (૩)
૯. લગની, ઘેલું લાગવું, ... લાગવી (૩)
૧૦. ગાય-ભેંસનું ટોળું (૨)
૧૧. ... મારે દુનિયા, આપણે જે કરવું હોય તે કરવું જ (૨)
૧૨. પૂજન-અર્ચન (૨)
૧૪. સલુકાઈવાળુ (૩)
૧૫. આરો, કિનારો (૨)
૧૬. પડ્યું હોય તેમ, ... ભાવે વેચવું (૪)
૧૮. તુચ્છ, હલકું (૩)
૧૯. સગડ, સમાચાર (૩)
૨૦. એક પ્રકારનું સુતર (૨)

### ઊભી ચાવી

૧. બ્રાન્ચ-વિભાગ (૨)
૨. એક વાદ્ય (૩)
૩. આકાશ, નભ (૩)
૫. પરાણે કરવો પડતો ઉપવાસ (૩)
૬. ફળોનો ગર્ભ (૨)
૯. ખુટે નહિ તેટલો (૪)
૧૦. ધ્વજ-પતાકા (૨)
૧૧. એક ધાતુ (૩)
૧૨. પુછતાછ (૫)
૧૩. ... ઢોળવી, વીંઝણો ઢોળવો (૩)
૧૭. બરબાદી, તોભા પોકારાવવું (૩)
૧૮. ઉપકાર, આભાર (૨)

### શબ્દાવલી ૫૧૦૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) પ્રભામંડળ (૪) સંપ (૬) સાગ (૭) કંસાર (૮) જત (૧૦) રફતાર (૧૨) નકલી (૧૪) તન (૧૬) લાખ (૧૭) રજ (૧૮) વાદી (૨૦) મમરા (૨૧) સળેખમ (૨૩) દોલત (૨૪) સરોવર
**ઊભી ચાવી :-** (૧) પ્રયોજન (૨) મંસા (૩) ડગર (૪) સંસાર (૫) પર (૭) કંતાન (૯) તકવાદી (૧૧) ફતવો (૧૩) લીખ (૧૫) અજરામર (૧૭) રૂમ (૧૮) વાયદો (૧૯) ટળે (૨૦) મમરો (૨૧) સત (૨૨) ખસ

## માર્ગોની સુધારણા ... ● પહેલા પાનાનું ચાલુ

| ક્રમ | તાલુકો | કામનું નામ | કામની વિગત | અંદાજી રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|---|
| ૩ | ગાંધીનગર | વિરાતલાવડી-ગોલવંટા રોડ (૦/૦ થી ૩/૦) | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૨૦.૦૦ |
| ૪ | ગાંધીનગર | મહુન્દ્રા-શીવપુરા કંપા રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૫૦.૦૦ |
| ૫ | ગાંધીનગર | ચંદ્રાલા-માધવગઢ રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૫૦.૦૦ |
| ૬ | ગાંધીનગર | ભૂંડીયા-લેકાવાડા રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૨૦.૦૦ |
| ૭ | ગાંધીનગર | કુડાસણ એપ્રોચરોડ જોઈનીંગ પોર-કુડાસણ રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૮૦.૦૦ |
| ૮ | ગાંધીનગર | છાલા-જાખોરા રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૬૦.૦૦ |
| ૯ | ગાંધીનગર | સાદરા-મોતીપુરા-ચંદ્રાલા રોડ (૦/૦ થી ૪/૦) | સુધારણા અને રીકાર્પેટીંગ | ૧૬૦.૦૦ |
| ૧૦ | ગાંધીનગર | ભઈજીપુરા એપ્રોચ રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૨૦.૦૦ |
| ૧૧ | ગાંધીનગર | પોર-અંબાપુર રોડ | સુધારણા અને રીકાર્પેટીંગ | ૭૦.૦૦ |

ખાસ કરીને છાલા-જાખોરા માર્ગ માટે રૂ. ૧૬૦ લાખ, સાદરા-મોતીપુરા-ચંદ્રાલા રોડ માટે પણ રૂ. ૧૬૦ લાખ, ચંદ્રાલા-માધવગઢ રોડ માટે રૂ. ૧૫૦ લાખ, મહુન્દ્રા-શિવપુરા કંપા રોડ માટે પણ રૂ. ૧૫૦ કરોડ, વિરાતલાવડી ગોલવંટા રોડ માટે રૂ. ૧૨૦ લાખ મંજૂર કરાતાં જિલ્લાના અંતરિયાળ ગામોમાં માર્ગ પ્રવહન સરળ બનશે.

મંત્રીશ્રીએ ઝુલાસણ એપ્રોચ રોડ જોઈનીંગ પોર-કુડાસણ રોડ, ભાઈજીપુરા એપ્રોચ રોડ, પોર-અંબાપુર માર્ગની સુધારણા અને રિકાર્પેટીંગ કામને અપાયેલી મંજૂરીને લઈ સમગ્ર જિલ્લામાં આનંદની લાગણી છવાઈ છે. આ માર્ગોની સુધારણા અને રિકાર્પેટીંગના કારણે તાલુકાઓના આંતરિક જોડાણો પણ સરળ બનીરહેશે અને સમયની બચત મુસાફરોને થશે.

# કિશોરાવસ્થા શિક્ષણ કાર્યક્રમનું અસરકારક અમલીકરણ

ફેમીલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા, અમદાવાદ રાષ્ટ્રીય કક્ષાની સ્વૈચ્છિક સંસ્થા છે. જે છેલ્લા ૫૦ વર્ષથી 'જાતીય અને પ્રજનન આરોગ્ય તેમજ અધિકારો'ના મુદ્દાને અનુલક્ષીને કાર્યરત છે. એફ.પી.એ. ઈન્ડિયા અમદાવાદ મુખ્યત્વે ગરીબ, લાભવંચિત, તરછોડાયેલા સમુદાયોમાં શિક્ષણ, માહિતી, જાગૃતતા, તાલીમ તેમજ ક્લિનીકલ સેવાઓ પુરી પાડે છે. આ સંસ્થા મુખ્યત્વે યુવાનો, સ્ત્રીઓ અને પુરૂષો માટે કામ કરે છે.

આશરે ૩૧ અબજ એટલે કે ભારતની કુલ વસ્તીના આશરે ત્રીજા ભાગના લોકો ૧૦થી ૨૪ વર્ષના યુવાન લોકો છે. તેમને સમયસર 'કિશોરાવસ્થા શિક્ષણ' મળતું નથી. જેના કારણે સમયસર યોગ્ય સારવાર મેળવી શકતા નથી અને તેને લીધે રોગના ભોગ પણ બને છે. વર્તમાન સમયમાં યુવાનોની મુખ્ય જરૂરિયાત જેવી કે, આવેગિક, સામાજિક અને સ્વાસ્થ્યને લગતી છે. જે તેઓને પુરતા પ્રમાણમાં મળતી નથી. જેના કારણે યુવાનોમાં આત્મહત્યા, હતાશા, વ્યસન, છૂટાછેડા અને આરોગ્યને લગતા પ્રશ્નો વધુ પ્રમાણમાં જોવા મળે છે.

## હોટલ કમ બિઝનેસ...

● છેલ્લા પાનાનું

બીઆરટીએસ જેવી માસ ટ્રાન્સપોર્ટેશનનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત ઈન્ટરનેશનલ સ્કૂલ અને હોસ્પિટલનું પણ પ્લાનિંગ ચાલી રહ્યું છે. હાલ આ સ્થળે સરકાર દ્વારા ઉભા કરવામાં આવેલા ૧૯ માળના બે ટાવરમાં ફ્લોર આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ગુજરાત વીજ નિયમન પંચની અમદાવાદ સ્થિત ઓફિસ ગિફ્ટ વન નામના ટાવરમાં ખસેડવામાં આવી છે. સરકારના અન્ય બોર્ડ-કોર્પોરેશનની ઓફિસોને પણ તેમાં જગ્યા આપવામાં આવે તેવી સંભાવના છે.

ગુજરાતના સરકારના ડ્રિમ પ્રોજેક્ટ ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટીમાં કુલ ૭૮,૦૦૦ કરોડનું મૂડીરોકાણ થવાનું છે.

## મને સમય નથી... ● ત્રીજા પાનાનું ચાલુ

ઘરડા ઘરના સ્નેહીજનોએ ખુબ સમજાવ્યું પણ... એક દિવસ સંડાસમાં જતાં માજીનું બેલેન્સ ખસી ગયું અને એમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. પંદર દિવસ સિવિલમાં આશ્રમવાસીઓએ સેવા કરી. દીકરી ત્રણ દિવસ પછી આવેલી અને પછી જતી રહી. બા એ અઠવાડિયામાં જમવાનું ફરી છોડી દીધુ. ગાંધીનગર સિવિલ અને ઈસનપુર મગોડીના એમ.ડી. રામચંદ્રભાઈ અને સર્જનોએ અથાગ પ્રયત્નો કર્યા પણ માજીને બચાવી શક્યા નહી. જ્યાં લાગણીના તાંતણે બંધાયેલો જીવ હોય ત્યાં સ્વજન છોડીને જાય તે કઈ માતા સહન કરી શકે !!! જીવનના અંતિમ પડાવે જ્યારે બાળકોની હૂંફની, તેની સેવાની, તેના મમત્વની જરૂર હોય ત્યારે બાળકો માતાને તરછોડે તે કેટલી હદે કુદરતી ન્યાય છે !!!

કહેવાતું પ્રતિષ્ઠિત પરિવાર તેમની અંતિમ વિધિમાં ડોકાયું નહી. ધનલક્ષ્મીબેનના મૃત્યુના સમાચાર તેમની દીકરીને આપ્યા. ફોન કર્યો. તો જવાબ મળ્યો. તમે બધી અંતિમ વિધિ પતાવી દો. મારાથી આવી શકાશે નહી...!!! અંતે રાહેલબા વૃદ્ધાશ્રમમાં પ્રમુખ નિર્મળાબેન અને ઉપ પ્રમુખ યશવંતસિંહ ઝાલા અને ટ્રસ્ટી મંડળે બધી અંતિમ વિધિ પતાવી દીધી અને મૃતકના આત્માને શાંતિ મળે તે બધી ધાર્મિક વિધિ સંપન્ન કરી.

## સાબરકાંઠાના પ્રભારી...

● પહેલા પાનાનું ચાલુ

ગાંધીનગર જિલ્લામાં પક્ષના સંગઠનને વધુ ચેતનવંતુ બનાવવામાં સફળતા મેળવી હતી.

ગુડાના ચેરમેન તરીકે પણ તેમની સેવાઓ નોંધનીય રહી છે. અગાઉ તેઓ દાહોદ જિલ્લાના પ્રભારી તરીકે પણ રહી ચુક્યા છે. પક્ષે હવે તેમને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. દરમ્યાન ગાંધીનગર જિલ્લાના પ્રભારી તરીકે રમીલાબેન બારાને તેમજ કે.સી. પટેલને યથાવત રાખવામાં આવ્યાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

## ટેક્ષટાઈલ નીતિમાં સુધારો... ● છેલ્લા પાનાનું ચાલુ

નીતિમાં સુધારો કરીને કેટલીક નવી યોજના દાખલ કરીને ટેક્ષટાઈલ એકમોને વધુ પ્રોત્સાહન લાભો આપવાનો નિર્ણય લીધો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વર્તમાન નીતિની સમીક્ષા કરીને કેટલાક સુધારો કરવા માટેની એક દરખાસ્ત તૈયાર કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે વર્તમાન ટેક્ષટાઈલ નીતિમાં સુધારા કરીને બે થી ત્રણ મોટી યોજના અને પ્રોત્સાહન દાખલ કરવામાં આવી છે. આ માટે વિભાગ દ્વારા દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી છે અને આ નવી સુધારેલી ટેક્ષટાઈલ નીતિની દરખાસ્ત રાજ્ય સરકારની મંજુરી અર્થે રજુ કરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ટુંક સમયમાં રાજ્ય મંત્રી મંડળની આ દરખાસ્તને મંજુરી મળી ગયા બાદ વિભાગ દ્વારા નવી સુધારેલી નીતિને જાહેર કરવામાં આવશે અને આ અંગેનો પરીપત્ર પણ ટુંકમાં જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.